**ફો.કે.નં. ૫૫૩/૨૦૨૧**

**–: <u>આંક ૧ નીચે હુકમ</u> :–**

કેસનું રેકર્ડ વંચાણે લીધુ. એ.પી.પી.શ્રીને સાંભળ્યા. આરોપી નં. **૨** તથા આરોપી નં. **3** ની જામીનગીરીની રોકડ રકમ તા. ૨૯/૦૪/૨૦૨૪ ના રોજ સરકાર ખાતે ખાલસા કરવામાં આવેલ છે. અત્રેના રેકર્ડમાથી તા.૧૩/૧૨/૨૦૨૪ ના રોજ આંક–૧ નીચે કરવામા આવેલ ડોરમેટનો હુકમ વંચાણે લીધો. આરોપી નં. **૧** ના જામનીદાર જામીનગીરીની રકમ ભરીને મુકત થયેલ છે. આ કામના આરોપી નં. **૧.** દીપેન્દ્ર સ/ઓ. તેક સૌદ, આરોપી નં. **૨.** કેસર બહાદુર સ/ઓ. પદમ બહાદુર રાવલ, આરોપી નં. **૩.** પ્રકાશ ઉર્ફે સુનીલ સ/ઓ. અજય થાપા, ઉ.વ. બધા પુખ્ત, રહે. બધા : નેપાળનાઓ રેલ્વે પો. સ્ટે. રાજકોટ પો.ગુ.રજી.નં. ૧૧૯૯ ૪૦૧૧૨૧૦૪૦૭/૨૦૨૧, ઈ.પી.કો. કલમ ૩૭૯, ૪૫૭, ૫૧૧, ૧૨૦(બી) મુજબના કામે ત્રણેય આરોપીઓનું વોરંન્ટ ઘણા લાંબા સમય થી વગર બજે આવે છે તેમજ ભવીષ્યમાં પણ આરોપી મળી આવવાની સંભાવના ન હોય તેવી હકીકત ધ્યાનમાં લીધી અને સદરહુ કામ તા. ૧ ૩/૧૨/૨૦૨૪ ના રોજ ડોરમેન્ટ ફાઈલ પર મુકવામાં આવેલ છે તે ધ્યાન પર લીધું.

સદરહું કામમાં સરકાર પક્ષે અત્રેની અદાલતના વિ. એ.પી.પી. શ્રી દવારા જીલ્લા મેજીસ્ટ્રેટના સંદર્ભ ટાંકીને **આંક–૧૨** થી સી. આર.પી.સી.કલમ ૩૨૧ / બી. એન. એસ.એસ. કલમ ૩૬૦ હેઠળ ફોજદારી કેસ પરત ખેચવા પરવાનગી અરજી રજુ કરવામાં આવેલ જે અન્વયે વિ. એ.પી.પી.શ્રી દવારા **આંક–૧૩** થી સદરહુ કેસ વીથ ડ્રો કરવા માટે વીથ ડ્રો પુરશીષ રજુ કરવામાં આવેલ. જે અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**– : આખરી હુકમ : –**

સદરહુ કામના આરોપીઓ **૧.** દીપેન્દ્ર સ/ઓ. તેક સૌદ, આરોપી નં. **૨.** કેસર બહાદુર સ/ઓ. પદમ બહાદુર રાવલ, આરોપી નં. **૩.** પ્રકાશ ઉર્ફે સુનીલ સ/ઓ. અજય થાપા, ઉ.વ. બધા પુખ્ત, રહે. બધા : નેપાળનાઓ વીરુધ્ધનો કેસ એ.પી.પી.શ્રી વીથડ્રો પુરશીષથી પરત ખેંચતા હોય, જો ભવિષ્યમાં ફરીયાદી, સાહેદ કે ભોગ બનનાર આ કેસ ચલાવવા માંગે અને તે માટે અરજ કરે અથવા આરોપી મળી આવે તો આ કેસ ફરી રીસ્ટોર કરવાની શરતે ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલ રોકડ રકમ સરકારશ્રી ખાતે ખાલસા કરવી. સદરહુ કામે કબજે કરવામાં આવેલ મોબાઈલ ફોન મુળ માલીકીપણાની ખરાઈ કરી મુળ માલીકને પરત સોપવો. અન્ય નોન વેલ્યુએબલ મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

સદરહુ હુકમ તા. ૧૪ મી ડીસેમ્બર, ૨૦૨૪ ના રોજ સ્પે. સીટીંગમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : રાજકોટ.
તા. ૧૪/૧૨/૨૦૨૪.

**(એમ. બી. રાવલ)**
જ્યુ.મેજી.ફ.ક.(રેલ્વે)
રાજકોટ.
U.I.C. NO. GJ01757